# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૨ • ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શ્રી માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં નાગરિક અભિવાદન સમારોહ




ગુજરાતના મુઠી ઉંચેરા લોક સેવક અને શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં સતત ૩૨મો નાગરિક અભિવાદન સમારોહ તા. ૪ ડિસેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

આદરણીય મોરારિબાપુની અધ્યક્ષતામાં યોજાયેલ નાગરિક અભિવાદનમાં અમદાવાદથી પોલિયો ફાઉન્ડેશનના સ્થાપક અને સર્જક ડૉ. ભરતભાઈ ભગત, દેશનાં છેવાડાંના આદિવાસી ગરીબ ભાઈ-બહેનોની સેવાર્થે અમેરિકાથી પરત આવી દાહોદનાં અંતરિયાળ વિસ્તારમાં બાળ રોગ માટે હૉસ્પિટલ ચલાવતાં ડૉ. શ્રેયાબહેન શાહ, ગુજરાત રાજ્ય શિક્ષણ અને તાલીમભવનનાં પૂર્વ નિયામક ડૉ. નલિનભાઈ પંડિત તથા પેરેન્ટિંગ ફોર પીસની રાજ્ય વ્યાપી મુવમેન્ટનાં કન્વિનર પ્રાધ્યાપક ડૉ. છાયાબહેન પારેખનું આદરણીય મોરારિબાપુના વરદ હસ્તે અભિવાદન કરવામાં આવ્યું.

પ્રતિકારભર્યો પુરુષાર્થ કરતા રહી પ્રભુ પ્રીત્યર્થે માનવસેવામાં વ્યસ્ત ગુજરાતના પ્રતિભા સંપન્ન નાગરિકોના સન્માનનો વર્ષ ૧૯૯૧થી પ્રારંભાયેલ


તંત્રી, પ્રકાશક, મુદ્રક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736



સદ્‌વિચારને ભાવનગરની સંસ્કાર ભૂમિથી આગળ વધારતા ચિત્રકૂટધામ તેમજ શિશુવિહાર દ્વારા પ્રત્યેકની રૂ.૫૦,૦૦૦/- સ્મૃતિચિહ્નથી વંદના કરવામાં આવી.

આદરણીય મોરારિબાપુના સાનિધ્યમાં યોજાતા સમારોહ પ્રસંગે શિશુવિહાર સંસ્થા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯થી ચાલતી બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ અંતર્ગત તમામ શાળાઓને ૧૦૦ પુસ્તકોનો સંપુટ અને જરૂરિયાતમંદ ૧૭૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યું..

આ પ્રસંગે બાળકો અને વયસ્કોની દૃષ્ટિ ચકાસણી કાર્યમાં અનન્ય સેવા આપનાર શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ અને માતૃભાષા સંવર્ધન માટે કાર્યરત સ્વ. શ્રી અનિલભાઈ શ્રીધરાણી પરિવારે શિશુવિહારને ચેક અર્પણ કર્યો.



ભાવનગરથી રક્તદાન, ચક્ષુદાન જેવી પુણ્ય પ્રવૃત્તિ દેશભરમાં વિસ્તારનાર પૂજ્ય માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં ૧૦૦થી વધુ શ્રેષ્ઠ નાગરિકોનું અભિવાદન થયું છે. આ પ્રસંગે ગુજરાતનાં વિવિધ સામયિકોમાં પ્રકાશિત શિશુવિહારની પ્રવૃત્તિઓનાં લેખોનું સંકલન પુસ્તક ‘શિશુવિહારનું નવચેતન’નું વિમોચન પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે થયું.

ભાવનગરની સેવા અને શિક્ષણની ઓળખરૂપ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ સન્માન સમારોહનું સંચાલન શ્રી સાગરભાઈ દવે તથા સંસ્થાના કાર્યકરોએ કર્યું હતું.

# સન્માનિત શ્રી ડૉ. ભરતભાઈ ભગત



ઉત્કૃષ્ટ તબીબી સેવાઓને સમર્પિત અને હેલ્થ કેર ફાઉન્ડેશનનાં સ્થાપક ડૉ. ભગત સાહેબ (૧૯૪૨) છેલ્લા ૩૨ વર્ષથી પોલિયોગ્રસ્ત બાળકોને સ્વસ્થ જીવન પ્રદાન કરવા સદા તત્પર રહ્યા છે. ૭૫,૦૦૦થી વધુ દર્દીઓની નિ:શુલ્ક સારવાર અને ૨૦,૦૦૦થી વધુ પોલિયોગ્રસ્ત ભાઈ-બહેનોની સર્જરી કરી પોલિયો મુક્ત ભારતના નિર્માણમાં ડૉ. ભરતભાઈનું યોગદાન સિમાચિહ્ન રહ્યુ છે. ૬ વર્ષથી ઓછી વયનાં બાળકોને સમયસર સી.પી. સારવાર મળી રહે તે માટે ત્રણ સેન્ટરોથી પ્રતિદિન ૧૫૦ બાળકોને વેક્સીન સુવિધા અપાય છે. લોક સેવા મંડળ, વર્કિંગ વિમેન હૉસ્ટેલ, એચ.આઈ.વી. નિયંત્રણ કેન્દ્ર પ્રકારે અનેકવિધ સંસ્થાઓમાં અધ્યક્ષીય ભૂમિકામાં ડૉ. ભરતભાઈ અને તેમના સાથી તબીબો દ્વારા યુવકો માટે ખાસ કૌશલ્યવર્ધન અને વ્યસનમૂક્તિ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેનાથી ૮૦૦૦થી વધુ યુવકો સ્વસ્થ જીવન મેળવી શકયા છે. ૧૬ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માનિત ડૉક્ટરશ્રી વર્ષ ૨૦૧૮ નવગુજરાત સમય નામે અખબારમાં ગુજરાતની સેવાભાવી સંસ્થાઓ વિષયે લેખ લખે છે, જે પુસ્તકોરૂપે પુન: પ્રકાશિત થયા છે. માનવ માત્ર માટે સ્નેહ અને સમર્પણની ઉદાર ચિત્ત ભાવનાઓને સદેહે જીવનમાં સાકાર કરી દેશનાં તબીબી ક્ષેત્ર માટે સિમાચિહ્ન ડૉ. ભરતભાઈ ભગતનું નાગરિક અભિવાદન મનુષ્યત્વને ગૌરવ આપે છે. (સંપર્ક નં. ૯૮૨૫૦૩૪૦૪૮)

# સન્માનિત શ્રી ડૉ. શ્રેયાબહેન મેહુલભાઈ શાહ



ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનાં ત્રિ-ભેટે દાહોદનાં અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકોની નેત્ર ચિકિત્સા માટે વર્ષ ૧૯૯૯થી સેવાવ્રતધારી ડૉ. શ્રેયાબહેન (૧૯૫૯) કોલોરાડો (USA)ની બાળકોની આંખ માટેની સારવાર માટે સુપર સ્પેશ્યાલિસ્ટ તરીકે તેમ હાર્વર્ડ યુનિવર્સિટીમાં આંખની પ્લાસ્ટિક સર્જરીની પદવી મેળવી છે. રાજ્યનાં ગરીબ આદિવાસીઓની નેત્ર સારવાર માટે બેંક લોકથી અધ્યતન નેત્રાલય ખડુ કરનાર ડૉકડર દંપતી દ્વારા મોબાઈલ વેન દ્વારા ૧૪૦૦૦થી વધુ બાળકોની આંખ તપાસ તથા જરૂરિયાત મુજબ સારવાર પહોંચાડવામાં આવી છે. ૧૪.૮૨ લાખ ગરીબ દર્દીઓની આરોગ્ય તપાસ, ૧.૬૨ લાખ આદિવાસીઓની વિનામૂલ્યે સર્જરી વિસ્તારનાર દૃષ્ટિ નેત્રાલયના ઉપક્રમે વિશ્વ સ્તરીય ઑપથેલ્મોલોજી ડિપ્લોમા અને યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો શરૂ થયા છે. જેથી ૭૫૦ યુવા ડૉકટરો લાભાન્વિત થયા છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિવિધ પરિસંવાદોમાં ૧૦૫૧થી વધુ સંશોધન લેખો રજૂ કરનાર ડૉ. શ્રેયાબહેન ૧૬થી વધુ વખત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માનિત થયા છે. દર્દી દેવો ભવ:ની ઉત્કૃષ્ટ ભાવનાથી નિયમિત ૧૪ થી ૧૬ કલાક કાર્યરત ડૉકટર દંપતીએ ગુજરાતના છેવાડાના દાહોદ ક્ષેત્રને વિશ્વના નકશામાં મૂકી ગુજરાતનાં તબીબી જગતને ગૌરવવંતુ કર્યુ છે. (સંપર્ક: ૯૨૨૭૧૩૬૪૫૯)

# સન્માનિત શ્રી ડૉ. નલિનભાઈ પંડિત



ગુજરાત કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગના નિયામક તરીકે રાજ્યનાં પ્રાથમિક શિક્ષણમાં અમૂલ્ય પરિવર્તન કરનાર શ્રી નલિનભાઈ (૧૯૫૦) એક સારા વાચક, ચિંતક અને અભ્યાસુ રહ્યા છે. તેમના શોધ પ્રબંધનો વિષય 'વિજ્ઞાન અભિયોગ્યતા કસોટી' આજે પણ શિક્ષણ જગત માટે પ્રમાણભૂત અને માર્ગદર્શક બની રહ્યો છે. અમરેલી જિલ્લાનાં બાબરા ગામની શાળામાં રમત શિક્ષક તરીકે જીવન વિસ્તારનાર ડૉ. પંડિત સાહેબ એ જ જિલ્લામાં શિક્ષણાધિકારી બન્યા, રાજ્ય પરીક્ષા બોર્ડમાં સચિવ રહી ભાવનગર જિલ્લાને સંપૂર્ણ સાક્ષર કરવામાં સિમાચિહ્ન યોગદાન આપનાર બન્યા. રાજ્યની ૩૫૦૦૦ પ્રાથમિક શાળઓમાં યોગ, રમતગમત અને સર્વાંગીણ વિકાસને પ્રેરતિ સ્કાઉડ-ગાઈડ પ્રવૃત્તિ વિસ્તારનાર ડૉ. નલિનભાઈ પંડિત દ્વારા 'ભાર વિનાના ભણતર' અને 'માતૃભાષામાં બાળકેળવણી' વિચારનો રાષ્ટ્રવ્યાપી સ્થાન અપાતા નવી શિક્ષણ નીતિનો ભાગ બની શક્યુ છે. એક નિર્ભિક અધિકારી તરીકે કેળવણીનાં પાયાનાં દૃષ્ટિકોણને વિભાગીય મંત્રી અને આઈ.એ.એસ. પાસે મૂકી રાજ્ય શિક્ષણને નીતિ વિષયક નિર્ણયો સુધી પહોંચાડનાર ડૉ. નલિનભાઈ પંડિતનાં શૈક્ષણિક પ્રદાને આઝાદીનાં ૭૫માં વર્ષે અમલી થયેલ નવી શિક્ષણ નીતિમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. શ્રી નલિનભાઈ નિવૃતિ પછી પણ જૂનાગઢથી આનંદધારા વિદ્યાયજ્ઞથી છેવાડાનાં બાળકને જ્ઞાનાભિમૂખ કરવા સક્રિય છે, જે શિક્ષણ જગત માટે દીવાદાંડીરૂપ બને છે.
(સંપર્ક મો.૯૪૨૮૯૯૬૬૨૨)

# સન્માનિત શ્રી પ્રા. ડૉ. છાયાબહેન પારેખ



ભાવનગર જિલ્લાઓના ખ્યાતનામ શૈક્ષણિક સંકુલમાં શિક્ષક, અધ્યાપક, આચાર્ય, નિયામક અને સંયોજક તરીકે ૨૭ વર્ષ સુધી સેવાવ્રતી ડૉ. છાયાબહેન પારેખ (૧૯૬૬) ગુજરાતનાં શિક્ષકો માટેની 'હું જ્યોતિર્ધર' નામે સ્વૈચ્છિક ચળવળમાં અગ્રેસર રહી શિક્ષણમાં ચારિત્ર્ય નિર્માણ અને હકારાત્મકતાને વેગવંત બનાવી છે. ૮૦૦૦થી વધુ શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક કાર્યક્રમોમાં સંકલનકર્તા રહી સમાજને એક દિશા આપનાર ડૉ.છાયાબહેને એ ટ્રિપલ પ્લસ અકાદમીની સ્થાપના દ્વારા શિક્ષક સજ્જતાનું અભૂતપૂર્વ કાર્ય થયું છે.

પેરેન્ટિંગ ફોર પીસ, 'હું જ્યોતિર્ધર' પ્રકારે શૈક્ષણિક, સામાજિક અને વૈચારિક અભિયાનો દ્વારા રાજ્યનાં ૧૫,૦૦૦ વાલીઓ અને ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે સીધા સંવાદથી તેમને સ્વસ્થ નાગરિક ઘડતર માટે પ્રેરનાર ડૉ. છાયાબહેનના પ્રયત્નો ગુજરાતનાં શિક્ષણ જગતને મા-બાપ અને શિક્ષકો સાથે એક સૂત્રતાથી જોડી આપનાર બન્યાં છે. દૃશ્ય-શ્રાવ્ય પદ્ધતિ સાથે સતત વિકસીત રહી, શ્રેષ્ઠ વાચક અને ગુજરાતનાં મુઠી ઉંચેરા ચિંતક ડૉ. છાયાબહેનનું અભિવાદન શિક્ષણ જગત માટે ગૌરવવંતુ બને છે.
(સંપર્ક: મો. ૯૪૨૭૭૫૦૭૭૭)

# ‘પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વની સેવા એ માનવ જીવનનું પ્રથમ કર્તવ્ય છે’- પૂજ્ય મોરારિબાપુ

**પૂજ્ય માનભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાન (મણકો-૧૮)માં આદરણીય મોરારિબાપુનું વકતવ્ય**



પૂજનીય સેવાવ્રતી બ્રહ્મલીન માનદાદાની સેવામય ચેતનાને મારા પ્રણામ. શિશુવિહાર સંસ્થાનું સેવાભાવથી સંચાલન કરતા વડીલ અને જે ચાર વિશેષ વ્યકિતઓનું અહીં સન્માન થયું તેવા ડૉ.ભરતભાઈ, નલિનભાઈ, શ્રેયાબહેન અને તલગાજરડાનાં દીકરી છાયાબહેન. આ સૌને માનદાદા જેવા પૂણ્યશ્લોક મહાપુરુષના નામ સાથે સંકળાયેલ સન્માન પ્રાપ્ત થયું તે બદલ અભિનંદન પાઠવું છું. દર વર્ષે આ કાર્યક્રમમાં હું આવતો હોઉં છું અને આવી શકું છું એનું કારણ કે મને અનુકૂળ તારીખ અને સમય આપ ગોઠવી આપો છો એટલે મને આવવામાં સરળતા રહે છે.

શિશુવિહાર તો સેવાનું તીર્થ છે. માનદાદા નિર્ભિતપણે સત્ય કહેનારા વ્યકિત હતા. મારે ઉતરાઅવસ્થામાં એમનો પરિચય થયો. પણ, જેટલો પરિચય થયો એ મારા માટે ખૂબ આનંદ વૃદ્ધિ કરાવતો રહ્યો છે. એમની ચેતના જ્યાં વિસ્તરી રહી છે અને સવિશેષ આજે જે ચાર વિશેષ વ્યકિતની આપણે વંદના કરી તેમનો પરિચય આપણે સાંભળ્યો. આ તમામ સન્માનિતોની ભાવના અભિનંદનને પાત્ર છે. મારી વંદના.

કેટલાં વર્ષ એ યાદ નથી, પણ રાજસ્થાનમાં ગવર્નર હાઉસમાં મારી

કથા સમયે રાજસ્થાનનાં રાજ્યપાલશ્રીએ મને આ વાત કહેલી એ મારી સ્મૃતિમાં તાજી થાય છે. જયપુરમાં સારામાં સારા ઘઉંની જાત વિકસે તેવા આશયે કૃષિ સંસ્થાઓના આગેવાનોનું એક સંમેલન રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવ્યું. સામાન્ય ખેડૂતની જમીન ઘઉંની ઉત્તમ જાતના બિયારણથી લાભાન્વિત થાય તે હેતુસર ૫૦% સબસીડીથી ખેડૂતોને બિયારણ આપવાની યોજના પણ હતી. ત્યારે એક ગરીબ ખેડૂત દુકાનદાર પાસે એક કિલો ઘઉંનું બિયારણ લેવા આવ્યો, પણ તેની પાસે બિયારણ જોગ પૈસા નહોતા. આથી ઉદાસ થયો. એ તો બસનાં ભાડાના પૈસા ઉછીના લઈ જયપુર આવેલો. આથી એ દિવસે પાછો જતો રહ્યો, પરંતુ બીજા દિવસે પાછો જયપુર આવ્યો. બીજા પાસે ગયો. દુકાનદારે બિયારણની ઓછી કિંમત કહી, પણ પૈસા તો આપવા જ પડશે. એમ કહ્યુ. સાત દિવસ સુધી એ માણસ ઘઉંનું બિયારણ ખરીદવા માટે ફરે છે, પણ કોઈ એને પૈસાને અભાવે બિયારણ આપતું નથી. ગરીબ ખેડૂત ઘણો ઉદાસ થયો. છેલ્લા પ્રયત્ન તરીકે ફરી નિયત દુકાનમાં જઈને કહ્યુ કે, 'માફ કરજો હું બીજી વખત આવ્યો છું. મારી પાસે ૫૦૦ ગ્રામ તો શું ૧૦૦ ગ્રામ ઘઉં લેવાની શકિત નથી. મને ઘઉંનો એક દાણો આપો. એક જ દાણો.' દુકાનદારને થયું કે, એક દાણો આપવામાં કોઈ પ્રશ્ન જ નથી અને ખરેખર દુકાનદારે એક જ દાણો આપ્યો. તે ખેડૂત તે દાણો લઈને પોતાને ઘરે ગયો. ખેતર નથી, પણ આંગણું મોટું છે અને તે આંગણાંમાં થોડો કયાંરો કરીને તે ઘઉંનો એક દાણો વાવ્યો. ઉત્તમોઉત્તમ બીજ હતું. રોજ એકાદ લોટો પાણીથી સીંચે છે. મોસમ પૂરી થઈ. ઘઉંનો છોડ મોટો થયો. ઘઉંની ડૂંડીઓ આવી અને ૨૦૦ ગ્રામ ઘઉં થયા. આ તો ભગવાનની કૃપા. બીજે વર્ષે આંગણું ટૂંકું કરી નાખ્યું. નવા કયારા કર્યા અને ૨૦૦ ગ્રામ ઘઉં વાવ્યા. એમાંથી ૧ મણ ઘઉં પાકયા. ત્રીજે વર્ષે આંગણું ટૂંકુ કરતો ગયો કે અમે બે જણા છીએ અમને મોટા આંગણાંની શી જરૂર છે. બાળકો તો નથી હવે તો ઘઉંના છોડ જ અમારા બાળકો છે તેમ માની ત્રીજા વર્ષે વાવણી કરે છે અને એમ કરતાં કરતાં તે બહુ મોટો ઘઉંનો વેપારી થયો. પોતે ઘઉંની દૂકાન કરી અને ઘઉંને પકાવતા જેટલો ખર્ચ થાય તેટલા જ પૈસા લઈને બધાને આપતો રહ્યો.

આ પ્રસંગ રાજસ્થાન રાજ્યના ગવર્નર સાહેબ પાસેથી સાંભળતા મને એક પ્રેરણા મળી કે સેવા હોય કે સ્મરણ હોય, એ એવું બીજ છે કે માણસ એને નિરંતર સીંચે તો મબલખ પાક થાય છે. કબીર સાહેબ કહે છે કે 'ધીરે સબકુછ હોય, માળી સીંચે ૧૦૦ ઘડા, લેકિન ઋતુ આયે ફળ હોય.' ફળ તો ઋતુ આવે ત્યારે થાય.

મારે માનદાદાની સેવા માટે કહેવું છે કે ‘રઘુપતિ રાઘવ રાજારામ, ઈશ્વર અલ્લાહ તેરા નામ’ આવું પોતાના બાંડિયાની પાછળ લખીને ફરનાર આ માનદાદા એક ફકીર એમની પાસે કદાચ આ સેવાનું બીજ અને સ્મરણનું બીજ આવી ગયું, તે. આ બે બીજને લીધે હું દર વર્ષે અહીં આવુ ને મબલક પાક પાકતો જોઉં છું. આમા ૫૦૦ ગ્રામવાળું તો મેં નથી જોયું, પણ પાંચ મણવાળું પાક તો હું જોતો આવું છું. હવે તો કિવન્ટલોમાં આ સેવા વધતી રહી છે તેનો રાજીપો છે બાપ. મારે આપને એ જ કહેવું છે. જેની પાસે સેવાનું બીજ હશે, જેની પાસે સ્મરણનું બીજ હશે. તે મબલખ પાક ઉતારી શકશે. ગાંધીજી પાસે શું હતું? ગાંધીજી પાસે શારીરિક ક્ષમતા હતી? તેઓ બેરીસ્ટર હતા, પરંતુ સત્યના પર્યાય બન્યા. એ મહાપુરુષ પાસે રામનામનું બીજ અને જનસેવાનું બીજ એમને પકડાઈ ગયું. એમણે આખા જગતને એક નવી દિશા આપી, શિશુવિહાર સંસ્થા ગાંધી માર્ગે ચાલતી સંસ્થા બની અને માનદાદાની છાયામાં ચાલતી રહે છે. તેનો એક સાધુ તરીકે આનંદ વ્યકત કરું છું.

સન્માનિતોનો પરિચય બધાએ સાંભળ્યો. અહીં બધા ડૉક્ટરો છે. મરીઝ અહીં હું એક જ છું!! પણ આવા સેવાવ્રતીઓની વચ્ચે બેસવાનું મળે એ પણ પ્રસન્નતાનો વિષય છે. મારે અને તમારે આમાંથી શીખીને સેવાના ચાર ક્ષેત્રો અપનાવવા જોઈએ, જો આ બીજ પકડાય તો. માનદાદાએ જેમ સેવા અને સ્મરણથી તે સહુ માટે ઉપલબ્ધ કર્યુ તેમ આપણા નિજી જીવનમાં પણ ઘટે. આ ભૂમિ સેવાનું તીર્થ છે. આથી અત્યારે અદૃશ્ય રીતે માનો કે મારી મુઠ્ઠીથી તમારા ઉપર આ દાણા છાંટું છું. તમે સહુ સેવા વ્રત અપનાવો તેવા સુભાષિશ વેરું છું, પરંતુ જ્યારે પાક થાય ત્યારે તેની આજુબાજુમાં જે અનઉપયોગી ઘાસ ઉગે છે તેને ચતુર કિસાન મૂળ છોડને ક્યાંય ઈજા ન થાય તેવી રીતે નીંદી નાખે છે. તેવી રીતે તમે પણ ધીરે ધીરે પોતાના અંત:કરણનાં મોહ, મદ, માન-સન્માનની ખેવના જે કારણ વગર ઉગ્યા કરે છે. જે તમારા સ્મરણ અને સેવાનાં છોડવાને દબાવી રાખે છે તેને વિકસીત થવામાં આડ બને છે. તેને ચતુર કિસાન માફક જૂદા કરીને મૂળ છોડને સલામત રાખજો.

મારી તમને માંગ્યા વગરની સલાહ છે કે ચાર ક્ષેત્રમાં સેવા જરૂર કરજો. **પ્રથમ પરિવારની સેવા** કરજો. માણસે પોતાના પરિવારને પણ સમય આપવો જોઈએ. પરિવારની સેવા કરીશું તો પરિવારના સદસ્યો આપણી ઉપર સેવા વિરોધી નહી રહે.

બુદ્ધ ભગવાન જે રાત્રીએ પોતાના ધર્મપત્ની અને બાળકને છોડી

નીકળી જવાના હતા. તે રાત્રીના પહેલી સાંજે યશોધરાજી બુદ્ધ માટે ઉપયોગી વસ્તુઓ એક ખૂણામાં એકઠી કરી મૂકી રાખે છે. માનદાદાએ પરિવારની સેવા કરી. માનભાઈએ વસુધૈવ કુંટુબમયની ભાવનાથી પરિવારની સેવા કરી. **બીજી સેવા સામાજિક સેવા**: કવિ કાંતની કવિતા છે કે, ઝાડ ફળ નથી ખાતા, સરોવર પાણી નથી પીતા. કોઈ નદી એમ નથી કહેતી કે મને તરસ લાગી છે. તરસ તેને પણ લાગતી હશે જળની નહી તો સમુદ્રને મળવાની તરસ હશે. તેને ક્યાંક પહોંચવું હશે. ઝાડવાને પણ પોતાના ફળને એને કદાચ મૂળને ચાખવાની ઈચ્છા થઈ હશે, પણ કોઈ દિવસ મૂળે પોતાના ફળની માગણી નથી કરી. મારા મત મજબુત મૂળે આ શાખાઓ ઉપર ફળ લટકાવ્યા એ જ સાર્થકતા છે. સેવાના બીજને પરિવારથી શરૂ કરીએ. પણ એટલામાં જ એની સીમા ન કરીએ. પછી આપણી ક્ષમતા પ્રમાણે સમાજની સેવા કરીએ. **ત્રીજું રાષ્ટ્રની સેવા**: આપણે રાષ્ટ્રના નાગરિક છીએ. આપણી ફરજ છે. તેની સેવા કરીએ. આપણે રાષ્ટ્રની સેવા તરફ પણ વિસ્તરવું જોઈએ. રાષ્ટ્ર પૂરતા મર્યાદિત રહીએ તો ભારતીયતાને કલંક લાગે, એટલે અહીં વિસ્તરતા વિસ્તરતા **ચોથી સેવા આખા વિશ્વ**ની સેવા કરી શકીએ, પણ જયપુરમાં ખેડૂતની જેમ વાવણી કરતાં આવડી જાય તો. બીજ સાચુ હોય તો, અને સાથે દાનત પણ સાચી હોય તો. અને જ્યારે હું ને તમે સર્વ જન સુખાયને બદલે સર્વ ભૂત સુખાયનું મંત્ર શીખીશુ ત્યારે જ આ વિસ્તરશે.

**ન કોઈ ગુરુ, ન કોઈ ચેલા, મેલા મે અકેલા, એકેલે મે મેલા**

ગાંધી બાપુએ કહ્યુ છે કે સંવેદના વગરનું વિજ્ઞાન સામાજિક પાપ છે. સાત પાપો તેમાનું સામાજિક પાપ છે તો બાપ.. હું ને તમે પરિવારની સેવા, સમાજની સેવા, રાષ્ટ્રની સેવા અને એ પણ કેવલ જન પૂરતી મર્યાદિત ન હોય. સર્વ ભૂત હિતાય. સર્વભૂત સુખાય. પ્રેમથી સેવા કરીએ તો મને એમ લાગે છે કે માનદાદા જેવા પુણ્ય શ્લોક મહાપુરુષની ચેતના વધારે પ્રસન્ન રહેશે. વધારે રાજી રહેશે. વિશેષ કંઈ ન કહેતા ફરી આ વખતે પણ હું આવી શક્યો તેમા તમને પણ આનંદ થયો અને મને પોતાને પણ આનંદ થયો કારણ કે હું માનદાદા માટે આવુ છું.

શિશુવિહાર સંસ્થાના તમામ પ્રકલ્પો, માનદાદાના વિચારોને અનુસરી ચાલતા રહે એવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરીને વિરામ આપુ છું.

## વાઘ બકરી ફાઉન્ડેશનનાં સહયોગથી

# શિશુવિહારમાં પ્રારંભાયેલ કેર ટેકરનાં વર્ગો




ભાવનગરની જાણીતી સેવા સંસ્થા શિશુવહારના ઉપક્રમે તા.૧૯ ડિસેમ્બરે કેર ટેકરના વર્ગો શરૂ થયા છે. આરોગ્ય ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી સાથે વડીલોની સંભાળ લેતા રહેવાના શુભ આશયથી પ્રારંભાયેલ કેર ટેકર વર્ગનું ઉદ્ઘઘાટન વાઘ બકરી ફાઉન્ડેશનના મેનેજર ડૉ. લતાબહેન બ્રહ્મભટ્ટ તથા સદ્‌વિચાર પરિવારના કાર્યકર શ્રી મીનાક્ષીબહેન ભાવસારની



ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. વાઘ બકરી ફાઉન્ડેશનના અધિકારીઓએ નગરપાલિકા શિક્ષણ સમિતિ સંચાલિત વીર સાવરકર શાળામાં આપત્તિ નિવારણ અને અટલ બિહારી બાજપેયી શાળામાં બાળકોની આંખ તપાસ, હિમોગ્લોબિન અને આરોગ્ય તપાસ કાર્યક્રમમાં ભાગ લઈ ભાવનગરના બાળકો માટે વાઘ બકરી ફાઉન્ડેશને વિસ્તારેલ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

નાના થતાં જતા કુંટુંબોમાં આજે વૃદ્ધોની સંભાળ લેનાર






પરિવારજનો ઘટી રહ્યા છે, ત્યારે શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે ડૉ. પ્રકાશભાઈ ભટ્ટ, હરેશભાઈ ભટ્ટ, ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી તેમજ સહજાનંદ કૉલેજ ઑફ નર્સિંગના અધ્યાપકો દ્વારા પ્રારંભાયેલ કેર ટેકર અભ્યાસક્રમની સામાજિક ઉપયોગિતા વધી જાય છે. શિશુવિહાર પ્રાંગણમાં શરૂ થયેલ કેર ટેકર તાલીમમાં જોડાવા માંગતા યુવા ભાઈઓ-બહેનોએ સંસ્થા કાર્યાલયમાં મો.૯૮૨૪૫૧૫૯૯૫ સંપર્ક કરવો.

## જાગૃત વાલી




શિશુવિહાર સંચાલિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે છેલ્લાં ૧૪ વર્ષથી ચાલતા જાગૃત વાલી કાર્યક્રમ અંતર્ગત તારીખ ૮ ડિસેમ્બરે

ક્રીડાંગણના તાલીમાર્થીઓ તથા બાલમંદિરનાં બાળકોનાં ૮૦થી વધુ વાલીઓને બાળ વિકાસ અને જીવન શિક્ષણ અંગે ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ માર્ગદર્શન આપ્યું હતું તેમજ શ્રી પ્રીતિબહેન ભટ્ટે સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ અને આરોગ્ય સેવામાં કારકિર્દી બનાવવા માટે સંસ્થામાં શરૂ થનાર કેર ટેકરના કોર્સની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે શ્રી કમલેશભાઈ વેગડે સહુનો આભાર વ્યક્ત કર્યો હતો. અલ્પાહાર બાદ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમનું સંકલન બાલમંદિરના શિક્ષકો તથા અનુભવના બહેનોએ કર્યુ હતું.

## ‘શિશુવિહારનું નવચેતન’ પુસ્તકનું વિમોચન




ગુજરાતી સામયિક ‘અખંડાનંદ’, ‘કુમાર’, ‘નવનીત સમર્પણ’, ‘વિશ્વકોષ’, ‘નવચેતન’ તથા વિવિધ અખબારોમાં પ્રકાશિત શિશુવિહારની સેવા ભૂમિકાને વ્યક્ત કરતા ૧૬ લેખોનું પુસ્તક ‘શિશુવિહારનું નવચેતન’ નું વિમોચન પરમ આદરણીય મોરારિબાપુ તથા ગુજરાતના સેવા ક્ષેત્રના શિરમોર નાગરિકોના વરદ હસ્તે થયું. ચોથી ડિસેમ્બરે શિશુવિહાર પરિસરમાં યોજયેલ માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન સમારોહ સમયે ડૉ. નાનકભાઈ ભટ્ટ દ્વારા લખાયેલ લેખો અંગે પૂજ્ય મોરારિબાપુએ પ્રતિસાદ પાઠવતા જણાવ્યુ કે, ‘આ માનદાદાના બીજનો વિસ્તાર છે, જે જનજન સુધી પહોંચ્યાનો આનંદ છે’



# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ











• સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડ ભાવનગરનાં ઉપક્રમે ૨૪મો એક્સેલ એક્સપ્રેશન કાર્યક્રમ શિશુવિહાર સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. તારીખ ૧૦-૧૧ ડિસેમ્બરે શાળા કક્ષાના વિદ્યાર્થીઓ માટે તથા તારીખ ૨૪-૨૫ ડિસેમ્બરે શહેરની કૉલેજોના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ કૌશલ્ય અભિવ્યક્તિ સ્પર્ધામાં શહેરની વિવિધ ૭૦ શાળા-મહાશાળાના ૧૫૬૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સુગમ ગીત, ભાતીગળ નૃત્યો, સમૂહ ગાન, સમાચાર વાંચન, કૌન બનેગા નોલેજપતિ, મોબાઈલ ફોટોગ્રાફી, ચિત્ર સ્પર્ધા, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, સાયન્સ અને ટેક્નોલોજી, લોકગીત સાથે વિવિધ ઈવેન્ટસમાં ભાગ લઈને જીવન કૌશલ્યવર્ધન કર્યું હતું.સતત ૨૪ વર્ષથી અવિરતપણે ચાલતા કલા-મહાકુંભનું સંકલન શ્રી વનરાજસિંહ ચાવડા, શ્રી ચેતનભાઈ પરમાર દ્વારા તથા HR ડિપાર્ટમેન્ટના શ્રી સતિષભાઈ મહેતાના માર્ગદર્શન સાથે રસપ્રદ બની રહ્યું હતું.



• સ્વર સાધના સંગીત ગ્રુપનો બાવનમો કરાઓકે ટ્રેક કાર્યક્રમ તા.૧૧ ડિસેમ્બરે યોજાઈ ગયો. શ્રી પુનિતભાઈ અંધારિયા, આનંદભાઈ પટ્ટણી, લતા ઠાકરનાં મધુર કંઠે રજૂ થયેલ જૂના હિન્દી ફિલ્મોના ગીતોને માણવા માટે ૨૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

• શ્રી પ્રમોદભાઈ વોરાના સંકલન તળે તા.૧૮ ડિસેમ્બરે ૨૫ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય તરીકે સાયકલ ભેટ આપવામાં આવેલ. શ્રીમતી સેજલબહેન રાજીવભાઈ પંડયા(ધારાસભ્યશ્રી ભાવનગર પૂર્વ) તથા શેઠ બ્રધર્સવાળા



શ્રી દેવેનભાઈ શેઠની વિશેષ ઉપસ્થિતિમાં છેલ્લા ૯૪ માસથી યોજાતા કાર્યક્રમમાં ૬૦થી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.




• ગ્રોફેડ કો ઓપરેટિવ ઑઈલ સીડસ ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ (ગ્રોફેડ) ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા.૧૮ ડિસેમ્બરે શિશુવિહાર સંસ્થા પ્રાંગણમાં ભૂતપૂર્વ કર્મચારીઓનું સ્નેહમિલન યોજવામાં આવ્યું. આ પ્રસંગે પૂર્વ IAS ઓફિસર, ગ્રોફેડના પૂર્વ એમ.ડી., પી.કે. ઘોષ, NDDBના પૂર્વ ડાયરેક્ટર શૈલેન્દ્ર કુમાર, ગૌરાંગભાઈ શુકલ તથા ગ્રોફેડ ભાવનગરના ઓ.એસ. ડી. અરવિંદ ગુપ્તાની ઉપસ્થિતિમાં સમગ્ર રાજ્યના ૩૫૦થી વધુ કર્મચારીઓની ઉપસ્થિતિમાં પરિવારના દિવંગત ૧૩૭ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી આ પ્રસંગે ઉપસ્થિત દરેક કર્મચારીઓને શિશુવિહાર સંસ્થા તરફથી સાહિત્ય તથા કાપડ થેલી આપવામાં આવેલ. અઢી દસકા બાદ યોજાયેલ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વ અધિકારીશ્રી બાબુભાઈ પટેલ, શ્રી રશ્મિકાંત સાકરવાડિયા, શ્રી પી.કે. નાથાણી અને શ્રી જગદીશભાઈ ઊંડવિયાએ જહેમત ઉઠાવી હતી.




• સૂર સંગમ આયોજિત સપ્તસુરી સંધ્યાના ઉપક્રમે ૬૫મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા.૧૮ ડિસેમ્બરે યોજાઈ ગયો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન તળે યોજાયેલ કાર્યક્રમનો આસ્વાદ લેવા ૩૫૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



• કલાગુરુશ્રી ધરમશીભાઈ શાહના આશીર્વાદથી અર્ચના કથ્થક કેન્દ્રના નૃત્ય વિશારદ રંગમંચ પ્રથમ કદમની પ્રસ્તુતી તા.૨૪ ડિસેમ્બરે શિશુવિહાર સંસ્થાનાં રંગમંચ ઉપર જગદંબા સ્તુતિથી લઈ ચતરંગ સુધીની પરંપરાગત શાસ્ત્રીય કૃતિઓ સાથે રજૂ કરવામાં આવી હતી. પ્રેમયોગ ફાઉન્ડેશનનાં રણધીરભાઈ તથા શ્રી ઝવેરબહેન ધરમશીભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ભાવનગરનાં ૪૦૦થી વધુ કલા પ્રેમીઓને શ્રી જાનકી સોની ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ ચશ્વી દૂધેલા, બંસિકા વડગામા, સિંજા ભટ્ટ તથા આકાશ પરમારે ભારતીય શાસ્ત્રીય નૃત્યનો આસ્વાદ કરાવ્યો હતો.

• શ્રી કેતનભાઈ આવસત્થીના સંકલનતળે એક સાંજ આપની સાથેનો ૧૪૨મો જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર તા.૨૫ ડિસેમ્બરે યોજાઈ ગયો. રાજેશ ખન્નાના જૂના હિન્દી ગીતો માણવા માટે ૫૦૦થી વધુ શ્રોતાઓએ ઢળતી સાંજની ઠંડક સાથે લાઈવ પ્રસ્તુતિ માણી હતી.




• કલાપથ સંસ્થા ભાવનગરનાં ઉપક્રમે તા.૨૭ ડિસેમ્બરે સંસ્થા રંગમંચ ઉપર લોક સંગીત, ફિલ્મી ગીતો તથા કલાકાર સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો. ડૉ. ચિતરંજન શુકલનું વિશેષ સન્માન કાર્યક્રમનાં પ્રારંભે ડૉ. એન.પી. કુહાડિયા, શ્રી અનિલ વંકાણી તથા શ્રી શ્યામભાઈ મકવાણાએ




ફિલ્મી ગીત તથા લોકસંગીતની પ્રસ્તુતિ કરી હતી. શ્રી મનુભાઈ દિક્ષીતની પરિકલ્પના સાથે રજૂ થયેલ કાર્યક્રમને માણવા માટે ૨૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• તા.૨૮ ડિસેમ્બરે સંસ્થા પ્રાંગણમાં શ્રી વૈભવભાઈ દવેના સુપુત્ર ચિ. યથાર્થ દવેના (૬ વર્ષ) છઠ્ઠા જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ભાઈઓ-બહેનો તથા બાળકોએ વિવિધ રમત રમી આનંદ માણ્યો હતો. આ પ્રસંગે ૨૦૦ પરિવારજનોની ઉપસ્થિતિ રહી હતી અને ચિ. યથાર્થને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી તથા સંસ્થા દર્શન નિહાળ્યું હતું.



# CSR અંતર્ગત
# વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સ્વાસ્થ્ય શિબિર

| શિબિર ક્રમાંક | ડિસેમ્બર તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧૯ | ૦૩ | ૬૯- ઘોઘા જકાતનાકા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૦ | ૦૩ | ૭૦- ઘોઘા જકાતનાકા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૧ | ૦૫ | ૪૨- ચાવડીગેટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૨ | ૦૫ | ૩૮- પાનવાડી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૩ | ૦૬ | ૩૭- હલુરિયા ચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૪ | ૦૬ | ૩૬- હલુરિયા ચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૫ | ૦૭ | ૪૦- નિર્મળનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૬ | ૦૭ | ૫૮- વિઠ્ઠલવાડી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૭ | ૦૮ | ૪૪- વડવા વોશિંગઘાટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૮ | ૦૮ | ૪૫- વડવા વોશિંગઘાટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૯ | ૦૯ | ૫૯- શાસ્ત્રીનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૦ | ૦૯ | ૬૦- શાસ્ત્રીનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૧ | ૧૦ | ૬૫- બોરતળાવ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૨ | ૧૦ | ૮૧- મિલટ્રી સોસાયટી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૩ | ૧૨ | ૦૭- મામાકોઠા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૪ | ૧૨ | ૧૪- આનંદનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૫ | ૧૩ | ૪૭- મોતીબાગ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૬ | ૧૩ | ૦૫- રાણિકા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૭ | ૧૪ | ૭૬- ભરતનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૮ | ૧૪ | ૮૦- વિદ્યાનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩૯ | ૧૫ | ૩૧- બાર્ટન લાયબ્રેરી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૦ | ૧૫ | ૩૩- બાર્ટન લાયબ્રેરી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૧ | ૧૬ | ૬૨- હાદાનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૨ | ૧૬ | ૬૩- હાદાનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૩ | ૧૭ | ૪૯- અક્ષરપાર્ક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૪ | ૧૭ | ૫૨- અક્ષરપાર્ક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૫ | ૧૯ | ૦૧- કુંભારવાડા સર્કલ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૬ | ૧૯ | ૦૨- કુંભારવાડા સર્કલ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૭ | ૨૦ | ૫૦- નારીરોડ | ૪૦ | ૪૦ | ૪૦ |

| શિબિર ક્રમાંક | ડિસેમ્બર તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૪૮ | ૨૦ | ૫૧- નારીરોડ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪૯ | ૨૧ | ૦૩- બાનુબેનની વાડી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૦ | ૨૧ | ૦૪- બાનુબેનની વાડી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૧ | ૨૨ | ૫૩- આખલોલ જકાતનાકા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૨ | ૨૨ | ૫૪- ચિત્રા ગોડાઉન | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૩ | ૨૩ | ૪૮- મિલની ચાલી | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૪ | ૨૩ | ૫૫- ફૂલસર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫૫ | ૨૪ | ૮૩- સિદસર રોડ | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | (કુલ ૪,૪૪૦) | ૧૪૮૦ | ૧૪૮૦ | ૧૪૮૦ |

સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા















## CSR અંતર્ગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
# પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | ડિસેમ્બર તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૨૨૧ (૨૮) | ૦૫ | શ્રી નચિકેતા હાઈસ્કૂલ | ૨૦૦ |
| ૨૨૨ (૨૯) | ૦૯ | શ્રી દક્ષિણામૂર્તિ હાઈસ્કૂલ | ૧૫૦ |
| ૨૨૩ (૩૦) | ૧૨ | શ્રી દક્ષિણામૂર્તિ હાઈસ્કૂલ | ૧૫૦ |
| ૨૨૪ (૩૧) | ૧૪ | શ્રી માલણકા કેન્દ્રવર્તી શાળા | ૨૯૫ |
| ૨૨૫ (૩૨) | ૧૭ | શ્રી સનાતન ધર્મ હાઈસ્કૂલ | ૧૮૦ |
| ૨૨૬ (૩૩) | ૧૯ | શ્રી વીર સાવરકર | ૧૬૦ |
| ૨૨૭ (૩૪) | ૨૧ | શ્રી વળાવડ કન્યા વિદ્યાલય | ૧૮૦ |
| ૨૨૮ (૩૫) | ૨૨ | શ્રી વળાવડ કન્યા વિદ્યાલય | ૧૮૦ |
| ૨૨૯ (૩૬) | ૨૪ | શ્રી સહજાનંદ વિદ્યાલય | ૦૮૦ |
| | | કુલ | ૧૫૭૫ |

સંચાલક: શ્રી હરેશભાઈ ભટ્ટ

## આરોગ્ય
# ૪૫૩-(એ) તથા ૪૫૩-(બી)મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:







સ્વ. ગુણવંતરાય વડોદરિયાની સ્મૃતિમાં શ્રી સુનિલભાઈ વડોદરિયાના સૌજન્યથી શિશુવિહાર સંસ્થામાં ૪૫૩ (એ)મો તેમ જ સ્વ. નલિનકાંત મુકુંદરાય ઓઝાની સ્મૃતિમાં શ્રી બાબુલભાઈ પ્રિયવદનભાઈ વ્હોરાના સૌજન્યથી ૪૫૩ (બી)મો નેત્રયજ્ઞ તારીખ ૨૩ નવેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૩૩ દર્દીઓની

આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રુતિબહેનની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૦ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

આ ઉપરાંત સ્વ. નલિનકાંત મુકુંદરાય ઓઝાના સૌજન્યથી ૪૫૩-બી નેત્રયજ્ઞમાં ૧૭ દર્દીઓને તા.૨૬ ડિસેમ્બરે વીરનગર લઈ જવામાં આવ્યા હતા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



ડિસેમ્બર માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૫ રહી હતી. માસ દરમિયાન બાળકોને રમકડાં બનાવવા, ગેરુ વડે ચિત્રકામ, કસરતના દાવ, સર્જનશક્તિ પ્રમાણે કાગળના નમૂના બનાવવા, શ્રમયજ્ઞ કરાવવામાં આવ્યો. માસ દરમિયાન વિવિધ વસ્ત્રો અને રમત-ગમતના સાધનોનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દાતા સર્વ શ્રી મંજુબહેન નિર્મળભાઈ વકીલ, શ્રી હીનાબહેન ભટ્ટ, શ્રી મોસમબહેન લોઢિયા, સુરેશભાઈ ચૌહાણ તથા ચિ. દિવ્યરાજ,



ચિ.દીપાલી, ચિ. પરીનાં જન્મદિવસ નિમિતે તેમજ અન્ય ૨૦ દાતાઓ તરફથી બાળકોને પોષક આહાર આપવામાં આવેલ.

માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૧૦ બાળકોનો જન્મદિવસ તથા સંસ્થા કાર્યકર શ્રી લાભુબહેન ભીલનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ અને બાળકોને પોષક આહાર આપેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ વર્કમાં બાળશિક્ષણ, મોન્ટેસોરી, ગણિત-ભાષા, સંગીત, હસ્ત ઉદ્યોગ અને પોષક આહાર વિષયે ૫-૫ ચાર્ટ તેમ કુલ ૩૦ ચાર્ટ બનાવ્યા હતા.

બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત તારીખ ૧૦ ડિસેમ્બરે શ્રી




પ્રીતિબહેન ભટ્ટ દ્વારા મોન્ટેસોરીના વિષયે અનુભવ તાલીમવર્ગના ૫ બહેનો તથા શિક્ષકોએ કન્યા વિદ્યાલય વળાવડની મુલાકાત લીધી હતી.

તારીખ ૨૩ ડિસેમ્બરે નાતાલ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૫૫ બાળકોએ ભાગ લીધો હતો.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

નવેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૧૯૪૦ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.




સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. ધારિણીબહેન ઠક્કર તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ ડિસેમ્બર માસમાં ૪૦૮ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૪ ભાઈઓ જોડાયા હતા.



સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## સંગીત વર્ગ:

ડિસેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ




ડિસેમ્બર માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન અશ્વયુદ્ધ, ઈત્તિ-કિત્તિ, ગુરુચેલા પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંજ પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી અર્પણભાઈ, દર્પણભાઈ, રવિભાઈ, ઉમંગભાઈ અને અભિષેકભાઈનો જન્મદિવસ પણ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતા.

સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ, કો-ઓર્ડિનેટર હીનાબહેન, મનિષા કણબી તથા દક્ષાબહેનનો જન્મદિવસ તાલીમાર્થીઓ સાથે ભોજન તથા નાસ્તા સાથે ઉજવાયો હતો. માસ દરમિયાન સ્વ. છગનલાલ કાશીરામ જોષીના સ્મરણાર્થે તથા સ્વ. વિમળાબહેન ચૌહાણની સ્મૃતિમાં તાલીમાર્થીઓને પોષક આહાર આપવામાં આવેલ.

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદી દ્વારા તાલીમાર્થી અને તેમના વાલીઓને સંસ્થા પુસ્તકાલય વિશે માહિતી તથા નવાં વર્ષમાં શરૂ થતાં બચત બેંક વિશે વાલીઓને માર્ગદર્શન તેમજ તાલીમાર્થીઓને સી.સી.સી. તાલીમના પ્રમાણપત્ર આપવામાં આવેલ.

ગાંધી જયંતિ અંતર્ગત ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા લેવાયેલ નિબંધ અને

ચિત્ર સ્પર્ધામાં વિજેતા ૩-૩ બાળકોને ખાદીનો રૂમાલ, પ્રમાણપત્ર, ભીંતચિત્રથી તેમજ તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ તરફથી વર્ષ ૨૦૨૨-૨૩ની રાજ્ય પુરસ્કારની પરીક્ષા લેવાયેલ, જેમાં શિશુવિહાર સ્કાઉટ ઓપન ટ્રુપના ૮ બાળકો દેવ ડાભી, ચંદ્રેશ ચુડાસમા, હાર્દિક ઢાપા, ગૌતમ બારૈયા, રૂદ્ર લાઢિયા, વૈભવ મકવાણા, કરણ ઠાકોર, અભિષેક ગુજરિયાએ ભાગ લીધેલ.

સંચાલકઃ શ્રી કમલેશભાઈ વેગડ



## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ એન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૧૧૯૫ નાગરિકોએ લીધેલો.

- સંચાલકઃ શ્રી નરસિંહભાઈ મકવાણા



## બાલદેવ વન:

ડિસેમ્બર માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નોલેજ પાર્ક'માં ૩૭૩ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ૭૦, મહદી સ્કૂલના ૨૭૦, શ્રી બોદાનાનેસ પ્રા. શાળા (પાલીતાણા)ના ૯૧, એન.એલ.કાકડિયા નેશનલ સ્કૂલના ૮૦, શાંતિ જુનિયરના ૮૭, ઘટક-૨ કેન્દ્ર નં.૪૩,૪૪, ૪૫,૭૫, ૭૯ના ૯૦, ફાતિમા કોન્વેટ સ્કૂલના ૧૨૮, શ્રી વાવડી પ્રાથમિક શાળા-ઘોઘાના ૧૧૦, પૂ. સંતશ્રી દયારામબાપા બાલમંદિરના ૬૨, શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરના ૧૫૦ તેમ કુલ ૧૧૩૮ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન



## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજનઃ રાજા રામમોહન રોય ફાઉન્ડેશન

ડિસેમ્બર માસમાં ૨૭ વાચક સભ્યોએ ૭૫ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

આયુર્વેદિક સરળ ઉપચાર, જીવનમાં સફળતા મેળવવી છે, સવાસો વર્ષ જીવન જીવવું છે, મંગળ પ્રભાત, રત્નકણિકા, (કુસુમ પ્રકાશન), ૬ પુસ્તકના ૮૦ સેટ (નવનીતભાઈ રાઠોડ )

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

# મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

ડિસેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૪ રહી હતી. તાલીમ પૂરી થયે બહેનોએ પરીક્ષા આપી હતી.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

## કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે.

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. ઑક્ટોબર માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

– શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ડિસેમ્બર માસ દરમિયાન ૧૦ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:



બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે.સપ્ટેમ્બર માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૫૫ થી ૧૫૯માં ફોટો ફ્રેમ, વર્લી વોલપેન્ટિંગ, સાંતાક્લોઝ, મગ ફણગાવવા તેમજ ગ્રીન સલાડ પ્લેટ અને ગ્લાસ પેઈન્ટિંગ કરવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૨૧૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## તાલીમઃ

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૮ ડિસેમ્બરે યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ જાન્યુઆરી માસના સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ડિસેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૧ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલકઃ શ્રી અનિલભાઈ જોશી

## બુધસભાઃ

૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૨૧૨મી બેઠક તારીખ ૭ ડિસેમ્બરે યોજાઈ. શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનાં સંચાલનમાં ૧૮ કવિ-કવયિત્રીઓએ ભાગ લીધો હતો. શ્રી જયેન્દ્રભાઈ જોષીએ કવિ શ્રી મનોજ ખંડેરિયાની ગઝલનો આસ્વાદ કરાવ્યો હતો. શ્રી જીજ્ઞાબહેનનાં સંચાલનમાં ૨૨ મિત્રોએ પોતાની સ્વરચનાઓનું પઠન કરેલ. અવસર અભિવ્યક્તિ અંતર્ગત માસનાં બીજા બુધવારે હર્ષાબહેન ચૌહાણનાં સંચાલનમાં




બુધસભામાં ૨૨ કવિ-કવયિત્રીઓની હાજરી રહેલ. આ પ્રસંગે શ્રી જયેશભાઈ ઠક્કરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. જેમાં ૨૦ કવિ-કવયિત્રીઓએ સ્વરરચના પઠન કરેલ. માસની ૨૨૧૪મી બેઠકમાં કવયિત્રીશ્રી નેહાબહેન પુરોહિતનાં સંચાલનમાં કાવ્યપઠન થયેલ. જેમાં ૧૫ કવિગણ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૨ની અંતિમ બેઠક ૨૨૧૫માં તા.૨૮ ડિસેમ્બરે બુધસભાની ગત વર્ષના

સંચાલક સમિતિનું અભિવાદન તથા નવા સંચાલકોનું સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે ૧૮ કવિ-કવયિત્રીઓએ રચનાઓ રજૂ કરી હતી.

વર્ષ દરમિયાન **કુલ બાવન બેઠકમાં ૭૩૧ કવિ-કવયિત્રીઓએ ૫૦૪ રચનાઓ રજૂ કરી હતી.**

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર




### ડિસેમ્બર માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી નિરવભાઈ શાહ- મુંબઈ, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ-ભાવનગર, શ્રી જયકુમાર પંડયા- ભાવનગર, શ્રી સ્નેહા ફાઉન્ડેશન-ભાવનગર.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ




### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ડિસેમ્બર માસમાં ૧૫૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

નવેમ્બર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪૯૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૦૫ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે

શ્રી ચંદ્રકાંતભાઈ દક્ષિણી (પારકર ટેક્ષટાઈલ), અમદાવાદ તરફથી કાપડની ૪ ગાંસડી, શ્રી રાઘવજીભાઈ પટેલ તરફથી કપડાં, શ્રી નવનીતભાઈ રાઠોડ તરફથી ૪૮૦ પુસ્તકો ભેટ મળેલ છે.

• સંસ્કાર મૂલક વાંચનનાં પ્રચાર પ્રસાર માટે પ્રવૃત્ત શિશુવિહાર સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૪ થી શ્રી યશલક્ષ્મી પરિવાર શિષ્ટ વાંચન સાહિત્ય વિતરણ અંતર્ગત વર્ષ ૨૦૨૩માં આશ્રમ વ્યવસ્થા નામે પુસ્તક જીજ્ઞાસુઓ માટે ઉપલબ્ધ થયું છે. સંપૂર્ણ જીવન વડોદરા (મો.૯૮૨૫૦૩૮૨૯૦)દ્વારા પ્રકાશિત પુસ્તિકામાં આશ્રમ વ્યવસ્થાને આધુનિક સમયના સંદર્ભમાં મૂલવવામાં આવી છે.

### યશલક્ષ્મી પરિવાર શિષ્ટ સાહિત્ય વિતરણ

વર્ષ: ૨૦૨૧ : 'મજદૂર સે મહાજન' (હિન્દી) - શ્રી નિર્મોહીબહેન ભટ્ટ

વર્ષ: ૨૦૨૨ : 'શિશુવિહારનું નવચેતન' (ગુજરાતી)- ડૉ. નાનકભાઈ ભટ્ટ

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 71,000.00 | શ્રી વૈભવ એન. પંડિત | નાગરિક સન્માન |
| 51,000.00 | ડૉ. ભરતભાઈ સી. ભગત | નાગરિક સન્માન |
| 25,000.00 | એક શુભેચ્છક | મહિલા ઉત્કર્ષ |
| 20,000.00 | શ્રી ઓમ શાંતિ ટ્રસ્ટ<br>હ. શ્રી સુનિલભાઈ વડોદરિયા | નેત્રયજ્ઞ |
| 11,200.00 | શ્રી જગદીશ આઈ. ભટ્ટ | પોષક આહાર |
| 11,000.00 | શ્રી નાનકભાઈ એમ. ભટ્ટ | પોષક આહાર |
| 6,000.00 | શ્રી મંજુલાબહેન નિર્મળભાઈ વકીલ | બાલમંદિર નાસ્તા સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાણી |
| 4,000.00 | શ્રી કિરીટભાઈ દવે | નાગરિક સન્માન |
| 3,000.00 | શ્રી નિરવભાઈ એ. શાહ | મેડિકલ સહાય |

## શુભેચ્છકો લખે છે

**• શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર (પૂર્વ નિયામક, લોકભારતી)**

'શિશુવિહારનું નવચેતન' પુસ્તક પ્રાપ્ત થયેલ છે. વાસ્તવમાં તે સમાજના નવચેતનનો દસ્તાવેજ અને ઈતિહાસ છે. ચાર ધોરણનું શિક્ષણ મેળવેલા માનભાઈ ભાવનગર પોર્ટમાં ફોરમેન, શ્રમિક અને છતાં જુસ્સો, હિંમત સેવીને સમાજની અંતિમ વ્યક્તિ સાથે નિસ્બત સેવતા રહ્યાં એટલે બોમ્બ બનાવવાની હિંસક પ્રવૃત્તિ છોડીને તેઓ આનંદ મંગલ મંડળના પ્રહરી બન્યા. મંડળનું કેવું સૂચક નામ. નાટક, ઉત્સવ, ગીત-સંગીત, વાંચન દ્વારા આનંદ અને શિક્ષણ, આરોગ્ય, રોજગાર મારફત મંગલ. ગુજરાતની વર્તમાન પેઢીએ આ પુસ્તકના પાના ૧, ૨ તથા ૧૨ અવશ્ય ઝીણવટપૂર્વક વાંચવા જેવા છે. માનભાઈને સંગાથ મળ્યો કર્મઠ હિરાબાનો. અભ્યાસ ધોરણ ૩ પણ ગણતરમાં પીએચ. ડી. સમકક્ષ. આવું યુગલ જ સંસ્થાના યુગપ્રવર્તક બની શકે. સંતોષની ઘટના એ છે કે શિશુવિહારના વર્તમાન સુકાની, સમાજશાસ્ત્રી 'રિલાયન્સ ફાઉન્ડેશન' અને સેન્ટર ફોર રુરલ કેર' જેવી અનેક સંસ્થાઓમાં જોડાઈને અનુભવ મેળવેલા નાનકભાઈ, સંસ્થાએ સેવેલા મૂલ્યોને કેન્દ્રમાં રાખી નવતર આયામો સાથે યાત્રાને આગળ વધારી રહ્યાં છે. ફરીથી આ પ્રકારના પ્રકાશન માટે ધન્યવાદ.

**• ડૉ. ભગતભાઈ સાહેબ (અમદાવાદ)**

સંસ્થાગત રીતે શિશુવિહારની કાર્ય નિષ્ઠા, પ્રામાણિકતા,

સંચાલકોના અહમને બહાર રાખીને સેવા હેતુને બળવત્તર કરવાની મૂળભૂત ભાવનાઓનું અહીં સન્માન છે. ધંધાદારી પત્રકારત્વ વચ્ચે પણ શિશુવિહારની વાત તેઓ સહર્ષ લોકો સુધી મૂકી આપે છે. સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલકો માટે પૂજ્ય માનભાઈનો અભિગમ વિચારવાલાયક છે.

**• શ્રી ભાવનાબહેન પંડયા (ભાવનગર)**

'શિશુવિહારનું નવચેતન' પુસ્તક વાંચતા ધન્યતા અનુભવી. પૂજ્ય માનદાદા જેવી અવતારી વ્યક્તિ જે પળમાં જન્મી હોય એને બુદ્ધની પળ કહી શકાય. જે વિશ્વને અજવાસ પૂરો પાડવા જ આવ્યા હોય છે. પોતાનું અવતાર કાર્ય આટોપી એ નશ્વર દેહના ગુણધર્મોને તો અનુસરે છે, પરંતુ એક અમિટ છાપ યુગો પર્યંત આપણા સૌમાં છોડી જતા હોય છે. 'શિશુવિહારનું નવચેતન'માં મેં અક્ષરદેહે પૂજ્ય માનદાદાને તાદૃશ્ય થતા જોયા, ધન્યવાદ.

**• શ્રી પારુલ-ફાલ્ગુન શેઠ (શૈશવ સંસ્થા, ભાવનગર)**

પૂ. શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માનના કાર્યક્રમના આમંત્રણ માટે આભાર. વર્ષ ૨૦૨૨ના સન્માનિત મહાનુભાવોના નામ જાણી ખૂબ જ આનંદ થયો. પૂજ્ય મોરારિબાપુના સાનિધ્યમાં તેઓને પોંખવામાં આવશે તેનો આનંદ અને ગૌરવ છે.

**• શ્રી કોકિલાબહેન જુવાનસિંહ ચૌહાણ (પુસ્તક પરબ, કેવડિયા)**

શિશુવિહારના સેવાકાર્યોને છેલ્લા એક વર્ષથી ખૂબ નજીકથી જોઈ રહી છું. આપ સમાજમાં નિ:સ્વાર્થ સેવા કરતાં વ્યક્તિ વિશેષને સન્માનિત કરો છો એ ગૌરવવંતી ઘટના છે. અમને પણ ગયા વર્ષે સન્માન અર્પણ કરાયું હતું. તેનો રાજીપો તો છે જ પણ વધારે  રાજીપો તો પૂજ્ય મોરારિબાપુ સાથે અમારા માનસિક તાણવાણા જોડાયેલા રહ્યા છે તેનો છે.

**• શ્રી મનનભાઈ ગોદિયાવાલા (હેલ્થ ઍન્ડ કેર ફાઉન્ડેશન ચે. હૉસ્પિટલ, અમદાવાદ)**

પ્રગતિ માટેના સાચા તત્વો છે સફળ ઘટના, દૃઢતા, અથાકતા અને પ્રેરણા તેમને એકીકૃત કરવા અને શ્રી મોરારિબાપુ દ્વારા માનનીય નાગરિકોના અભિવાદન માટે એક ભવ્ય કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન. હું તમારી સંસ્થા બાળકો અને જરૂરિયાતમંદ લોકો માટે જે મહાન કાર્ય કરે છે તેનાથી ખરેખર પ્રભાવિત છું. શ્રી માનભાઈ ભટ્ટ એક સાચા સ્વપ્નદૃષ્ટા હતા અને તમે નિ:શંકપણે તેમના દ્વારા શરૂ કરેલા કાર્યને ઉંચાઈએ લઈ જઈ રહ્યા છો.

**• શ્રી રમેશભાઈ (ગાંધીનગર)**

ધૂપસળીમાંથી સુગંધ જ આવે, પ્રસરે, આ તો માનબાપાની વાડી છે, આપ જેવા સિંચનારા છે, સાહેબ.

# શિવાનંદ આઈ હોસ્પિટલ વીરનગરનાં સહયોગથી વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞનું સુચિત આયોજન

## શિશુવિહારનાં સંસ્થાનાં ઉપક્રમે વર્ષ ૨૦૨૩ યોજાનાર પ્રભુકૃપા નેત્રયજ્ઞની વિગત

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર<br>સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|
| ૪૫૪ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૫ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૬ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ. હીરાલક્ષ્મી મહેતાની સ્મૃતિમાં<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા<br>અમિતભાઈ ભટ્ટ |
| ૪૫૭ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ.જુબેદાબહેન વલીની સ્મૃતિમાં<br>હ.શ્રી શબનમબહેન કે. કપાસી |
| ૪૫૮ | ૨૪ માર્ચ | શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ |
| ૪૫૯ | ૨૪ માર્ચ | સ્વ.કુસુમબહેન પંડયાની સ્મૃતિમાં<br>હ.શ્રી વંદનાબહેન યશવંતભાઈ પંડયા |
| ૪૬૦ | ૨૮ એપ્રિલ | વડીલોની સ્મૃતિમાં<br>હ.શ્રી ભાવનાબેન જાગૃતભાઈ ભટ્ટ |
| ૪૬૧ | ૨૮ એપ્રિલ | સ્વ.ચંદ્રશંકરભાઈ મહેતાના સ્મરણાર્થે<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા,<br>અમિતભાઈ ભટ્ટ |
| ૪૬૨ | ૨૬ મે | સ્વ.તારાબેન વડોદરીયાની સ્મૃતિમાં<br>હસ્તે સ્વ.ગુણવંતભાઈ વડોદરિયા |
| ૪૬૩ | ૨૬ મે | શ્રી હસમુખભાઈ દામોદરદાસ શાહ |
| ૪૬૪ | ૨૩ જૂન | શ્રી હિંમતલાલ ઠક્કર |
| ૪૬૫ | ૨૩ જૂન | ...................... |
| ૪૬૬ | ૨૮ જુલાઈ | સ્વ. કનુભાઈ શાહની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી સુધાબહેન શાહ |
| ૪૬૭ | ૨૮ જુલાઈ | ...................... |
| ૪૬૮ | ૨૫ ઑગસ્ટ | સ્વ. સુરેશભાઇ બુચની સ્મૃતિમાં<br>હ. હર્ષિદાબહેન સુરેશભાઈ બુચ |
| ૪૬૯ | ૨૫ ઑગસ્ટ | શ્રી રાજેશભાઇ ભટ્ટ પરિવાર |
| ૪૭૦ | ૨૨ સપ્ટેમ્બર | સુભાગી ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે:સુનિલભાઇ જે પારેખ |
| ૪૭૧ | ૨૨ સપ્ટેમ્બર | ...................... |
| ૪૭૨ | ૨૭ ઑક્ટોબર | ...................... |
| ૪૭૩ | ૨૭ ઑક્ટોબર | શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઇ વકીલ<br>હ.સ્વ. નિર્મળભાઈ વકીલ,<br>શ્રી ભરતભાઈ વકીલ |
| ૪૭૪ | ૨૪ નવેમ્બર | સ્વ. ભાગીરથીબહેની સ્મૃતિમાં<br>હ. ડૉ. કે. એમ. આચાર્ય |
| ૪૭૫ | ૨૪ નવેમ્બર | ...................... |
| ૪૭૬ | ૨૨ ડિસેમ્બર | સ્વ. ગુણવંતભાઈની સ્મૃતિમાં<br>હ. શ્રી સુનિલભાઈ વડોદરિયા |
| ૪૭૭ | ૨૨ ડિસેમ્બર | શ્રી અશ્વિનભાઇ ભટ્ટ |

**નોંધઃ ........... દર્શાવેલ મહિનામાં દાતાશ્રીને નેત્રયજ્ઞ દીઠ રૂ.૨૦,૦૦૦/- આપી નેત્રયજ્ઞ નોંધાવવા સંસ્થાની વિનંતી છે.**

**વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞ માટે શિબિર દીઠ ૨૦,૦૦૦/- આપી સહયોગ આપનાર દાતાશ્રીઓની સેવાવૃત્તિને બિરદાવતા શિશુવિહાર સંસ્થા આભાર માને છે.**

**સંપર્ક**

**શ્રી હીનાબહેન ભટ્ટ - મો. ૯૮૨૪૫૧૫૯૯૫**

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: '**શિશુવિહાર**'

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** (Facebook)

**Shishuvihar Bhavnagar** (YouTube)

**Shishuvihar** (Instagram)

**Shishuvihar** (Play Store)

**પરામર્શ સમિતિ**

**સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા**

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA